# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1) આંતરાષ્ટ્રીય સૌર ગઠબંધને વિશ્વ આર્થિક મંચ ખાતે લાખો ઘરો અને ખેડૂતોને સસ્તી સૌર ઊર્જા પૂરી પાડવામાં ભારતની સફળતાને ઉજાગર કરી.

2) લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન પરના આંતરાષ્ટ્રીય સંમેલનનો આજથી નવી દિલ્હીમાં પ્રારંભ થશે.

3) કેન્દ્ર સરકારે ટોલ પ્લાઝા પર ઉપયોગકર્તા ફી ચુકવણીને મજબૂત બનાવવા કેન્દ્રીય મોટર વ્હીકલ નિયમો, 2026ને સૂચિત કર્યા

4) ભારત અને EU વચ્ચે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર થવાના આરે હોવાનું જણાવતા યુરોપિય કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન

5) પુરુષ ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે T-20 શ્રેણીની પહેલી મેચ રમાશે.

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# WEF-INDIA-IN-DAVOS

આંતરાષ્ટ્રીય સૌર ગઠબંધન- ISAએ વિશ્વ આર્થિક મંચ ખાતે લાખો ઘરો અને ખેડૂતોને સસ્તી સૌર ઊર્જા પૂરી પાડવામાં ભારતની સફળતાને ઉજાગર કરી.

ISAના ડાયરેક્ટર જનરલ આશિષ ખન્નાએ જણાવ્યું કે ભારતની સોલાર રૂફ ટોપ યોજનાનો હેતુ 100 મિલિયન ઘરોને વીજ સુવિધા પૂરી પાડવાનો છે. પ્રધાનમંત્રી કુસુમ યોજના ખેડૂતો માટે સૌર ઉર્જાથી ચાલતી ખેતીને પ્રોત્સાહન આપે છે જે એક વ્યવહારુ આદર્શ છે.

શ્રી ખન્નાએ જણાવ્યું કે, ISA કૃત્રિમ બુદ્ધિમતા અને ડિજિટલ ટેકનોલોજી દ્વારા ભવિષ્યની ઉર્જા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. જેનાથી ખર્ચ ઘટાડી કાર્યક્ષમતામાં સુધારો કરી શકાશે અને નવી નોકરીઓનું સર્જન થઈ શકશે.

# ECI-THREE DAY CONFERENCE

લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન પરના આંતરાષ્ટ્રીય સંમેલનનો આજથી નવી દિલ્હીમાં પ્રારંભ થશે. ચૂંટણી પંચ દ્વારા આયોજિત ત્રણ દિવસીય આ સંમેલનમાં ચૂંટણી વ્યવસ્થાપન અંગે ચર્ચા વિચારણા કરાશે.

સાંભળીએ એક અહેવાલ.........

**VC- SAKLEN**

# EC-OBSERVERS

ચૂંટણી પંચે મતદાર યાદીની ખાસ સઘન સુધારણા - SIRની કામગીરી માટે વિવિધ રાજ્યોમાં વધુ 22 રોલ ઓબ્ઝર્વરોની નિમણૂક કરી છે. જેમાં સૌથી વધુ 11 નિરીક્ષકોને પશ્ચિમ બંગાળમાં નિયુક્ત કરાયા છે. આ સાથે રાજ્યમાં રોલ ઓબ્ઝર્વરોની કુલ સંખ્યા 20 થઈ છે. આ નિરીક્ષકો ખાતરી કરશે કે કોઈ પણ લાયક મતદાર યાદીમાથી બાકાત ન રહે અને કોઈ અયોગ્ય નામ યાદીમાં ન ઉમેરવામાં આવે.

# VP-KARNATAKA

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન આજે કર્ણાટકની મુલાકાતે જશે. તેઓ તુમકુરના શ્રી સિદ્ધગંગા મઠ ખાતે શ્રી શિવકુમાર મહાસ્વામીજીના 7મા સ્મૃતિ દિવસ પ્રસંગે યોજાનારા કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશેં. ઉપરાષ્ટ્રપતિ બેંગલુરુ ખાતે CMR ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના રજત જયંતિ સમારોહમાં સંબોધન કરશે.

# UTTARAKHAND-AMIT-SHAH-VISIT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે ઉત્તરાખંડના બે દિવસના પ્રવાસે ઋષિકેશ પહોંચશે. આ મુલાકાત દરમિયાન તેઓ ઋષિકેશ અને હરિદ્વારમાં વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે.

આજે બપોરે, શ્રી શાહ ઋષિકેશના ગીતા ભવન ખાતે ગીતા પ્રેસ દ્વારા પ્રકાશિત માસિક મેગેઝિન -કલ્યાણના શતાબ્દી આવૃત્તિના વિમોચન સમારોહમાં હાજરી આપશે.

આવતીકાલે, તેઓ હરિદ્વારના મહર્ષિ દયાનંદ ગ્રામ ખાતે પતંજલિ હોસ્પિટલનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ, તેઓ ગાયત્રી તીર્થ શાંતિકુંજની મુલાકાત લેશે અને બૈરાગી ટાપુ ખાતે ગાયત્રી પરિવારના શતાબ્દી વર્ષના કાર્યક્રમમાં હાજરી આપશે.

# CENTRE-MOTOR-VEHICLES

કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ટોલ પ્લાઝા પર ઉપયોગકર્તા ફી ચુકવણીને મજબૂત બનાવવા માટે કેન્દ્રીય મોટર વ્હીકલ (બીજો સુધારો) નિયમો, 2026ને સૂચિત કર્યા છે. આ સુધારાઓનો ઉદ્દેશ્ય ઇલેક્ટ્રોનિક ટોલ કલેક્શનની કાર્યક્ષમતા વધારવા અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ઉપયોગકર્તા ફી ચોરીને રોકવાનો છે.

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે જણાવ્યું કે, આ સુધારાઓ NHAIને દેશભરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નેટવર્કના સતત વિકાસ અને જાળવણી માટે પારદર્શક અને ટેકનોલોજી-આધારિત ટોલિંગ સિસ્ટમ્સને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે.

આ નિયમોની જોગવાઈઓ અનુસાર, એક રાજ્યથી બીજા રાજ્યમાં વાહન ટ્રાન્સફર માટે જ્યાં સુધી વપરાશકર્તા ફી ચૂકવવામાં ન આવે ત્યાં સુધી નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ, NOC, આપવામાં આવશે નહીં.

# EU-CHIEF-FTA

યુરોપિય કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને કહ્યું કે, ભારત અને યુરોપિય સંઘ - EU વચ્ચે મુક્ત વેપાર કરાર - FTA પર હસ્તાક્ષર થવાના આરે છે. વિશ્વ આર્થિક મંચ ખાતે સંબોધનમાં તેમણે પ્રસ્તાવિત કરારને મહત્વપૂર્ણ ગણાવ્યો હતો.

આ અંગે પ્રસ્તુત છે પ્રિયંકા અરોરાનો એક અહેવાલ.......

**V/C – PRIYANKA**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# POSTS- EXTENSION BENEFITS

ભારતીય પોસ્ટ દ્વારા ઉત્પાદનો નિકાસ કરતા લોકો હવે સરકારી નિકાસ લાભો મેળવી શકશે. જેમાં નિકાસ કરેલા ઉત્પાદનો પર ડ્યુટી અને કરમાં માફી અને રાજ્ય અને કેન્દ્રીય કરમાં છૂટછાટનો સમાવેશ થાય છે.

અગાઉ, આવા લાભો મોટે ભાગે ફક્ત બંદરો, એરપોર્ટ અથવા ખાનગી કુરિયર સેવાઓ દ્વારા કરવામાં આવતી નિકાસ માટે જ ઉપલબ્ધ હતા.

સંદેશાવ્યવહાર મંત્રાલયે જણાવ્યું કે, આ પહેલ નિકાસની પોંહચને સરળ બનાવવા અને વિસ્તૃત કરવા તરફ એક મોટું પગલું છે.ખાસ કરીને આનાથી સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો, કારીગરો, સ્ટાર્ટ-અપ્સ અને નાના નિકાસકારોને ફાયદો થશે.

CBIC દ્વારા જાહેર કરાયેલ સૂચનાઓના અનુસંધાનમાં, આ સુવિધા 15 જાન્યુઆરીથી અમલમાં મૂકવામાં આવી છે.

# CRICKET - IND VS NZ T20

પુરુષો ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આજે પાંચ મેચની T-20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચ નાગપુરના વિદર્ભ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમ માટે આ એક મહત્વપૂર્ણ શ્રેણી રહેશે. મેચની પૂર્વસંધ્યાએ બોલતા, સૂર્યકુમાર યાદવે જણાવ્યુ કે ઇશાન કિશન ત્રીજા નંબરે રમશે.

## BYTE - સૂર્યકુમાર યાદવ

આગામી શુક્રવારે રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ આંતરાષ્ટ્રીય સ્ટેડિયમ ખાતે બીજી મેચ રમાશે.

# NT. CRICKET-WPL

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, દિલ્હી કેપિટલ્સએ મુંબઈ ઈન્ડિયન્સને સાત વિકેટે હરાવ્યું. વડોદરાના BCA સ્ટેડિયમ ખાતે ગઇકાલે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતા મુંબઈ ઈન્ડિયન્સે દિલ્હી કેપિટલ્સને 155 રનનો લક્ષ્યાંક આપ્યો હતો.

જવાબમાં, દિલ્હી કેપિટલ્સે 19 ઓવરમાં 3 વિકેટે 155 રન બનાવીને મેચ જીતી લીધી હતી. જેમીમાહ રોડ્રિગ્સને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.

# AIIMS - ROBOTIC SURGERY

અખિલ ભારતીય આર્યુવિજ્ઞાન સંસ્થાન એઈમ્સ - નવી દિલ્હીએ છેલ્લા ૧૩ મહિનામાં, એક હજારથી વધુ રોબોટિક સર્જરી કરી છે.

પત્રકાર પરિષદને સંબોધતા, સર્જિકલ વિભાગના વડા, પ્રોફેસર સુનિલ ચુમ્બરે જણાવ્યું કે રોબોટિક સર્જરીથી પરંપરાગત ઓપન સર્જરીની તુલનામાં શસ્ત્રક્રિયા પછીના દુખાવામાં ૫૦ ટકાનો ઘટાડો થયો છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં અલગ-અલગ સમાચારોને મુખ્ય મથાળે લેવામાં આવ્યા છે.
- સંદેશ લખે છે કે, ટેરિફના ડંડાથી શેરબજારમાં કડાકો બોલી ગયો, સેન્સેક્સ 1065 પોઈન્ટ તૂટયો.
- નવગુજરાત સમય લખે છે કે, "ગ્રીન" લેન્ડ શેરબજાર માટે "રેડ' લેન્ડ: 10 લાખ કરોડ રૂપિયા ધોવાયા.
- ગુજરાત સમાચાર લખે છે કે, ગ્રીનલેન્ડ જ નહિ કેનેડા પણ અમેરિકાનું: ટ્રમ્પનો નવો નકશો.
- 'પાર્ટીની બાબતોમાં નવીન મારા બોસ , તેઓ મારા કામનો રિપોર્ટ લખશે: મોદી' ના સમાચાર દિવ્ય ભાસ્કરે મુખ્ય મથાળે લીધા છે.
- તો ફૂલછાબ લખે છે કે, નીતિન નબીન મારા બોસ, હું તેમનો કાર્યકર: મોદી.
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો અમદાવાદમાં વટવા તળાવમાં ડિમોલિશન: 450 દબાણ હટાવી 34 હજાર 885 ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરાઇ, બિટકોઇનમાં વધુ રૂપિયા કમાવાની લાલચમાં યુવકે 19.20 લાખ ગુમાવ્યા, સુરેન્દ્રનગરમાં 1500 કરોડના જમીન કૌભાંડમાં ઇડીએ ક્લાર્ક અને પ્યૂનને ઉઠાવ્યા જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.